મહેસાણામાં કોરોનાના છ પોઝીટીવ કેસ

મહેસાણા, તા. ૨૬

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ ૨૫ જુન ૨૦૨૦ સુધીમાં ૩૬૪૬ સેમ્પલ લેવામાં આવેલ છે. જેમાંથી ૩૩૫૬ સેમ્પલનું પરીણામ નેગેટીવ આવેલ છે. જિલ્લામાં શુક્રવારે ૧૩૦ સેમ્પલનું રીઝલ્ટ આવેલ છે. જે તમામ ૧૩૦ સેમ્પલનું પરીણામ નેગેટીવ આવેલ છે. જિલ્લામાં ૧૩૭ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે. મહેસાણા જિલ્લામાં આજ દિન સુધી કોવિડ-૧૯ના ૨૪૯ પોઝીટીવ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોવિડ-૧૯ના એકટીવ કેસ ૫૧ છે. આ ઉપરાંત જિલ્લામાં ૧૭૩ દર્દીઓએ કોરાનાને પરાસ્ત કરતાં રજા આપવામાં આવેલ છે.

શુક્રવારે મહેસાણા જિલ્લામાં ખાનગી લેબ ખાતે ૬ પોઝીટીવ કેસ નોંધાયા હતા. જેની વિગતો જોઈએ તો ૩૫ વર્ષીય હિમાશુંભાઈ ધોળકીયા જે ૨-વશુંધરા સોસાયટી બેચરાજી ખાતે રહે છે. ૩૭ વર્ષીય રીતેશભાઈ ધોળકીયા જેઓ ૪-શક્તિનગર નંદનવન સોસાયટી બેચરાજી ખાતે રહે છે. આ બંન્ને દર્દીઓને ગ્લોબલ હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ કરેલ છે. આ બંન્નેના સેમ્પલ અનિપથ સ્પેસિયાલિટી લેબોરેટ્રી લી. અમદાવાદ ખાતે લીધેલ છે. ૭૩ વર્ષીય રામાભાઈ પટેલ જે ૧૨-શુકન બંગ્લોઝ કરણનગર રોડ કડી ખાતે રહે છે. ૬૭ વર્ષીય જગજીવનભાઈ પટેલ જે મેઢા કડી ખાતે રહે છે. આ બંન્ને દર્દીઓને રિધમ હોસ્પિટલ કડી ખાતે દાખલ કરેલ છે. જેઓના સેમ્પલ પેનગનોમિક્સ ઈન્ટરનેશનલ પ્રા.લી અમદાવાદ ખાતે લીધેલ છે. ૨૨ વર્ષીય વર્ષીલ પટેલ જે ૧૧-તિરૂપતિ સોસાયટી કડી ખાતે રહે છે. જેમને હોમ આઈસોલેશન કરેલ છે. જેમના સેમ્પલ અનિપથ સ્પેસિયાલિટી લેબોરેટ્રી લી. અમદાવાદ ખાતે લીધેલ છે. ૩૫ વર્ષીય જિગ્નેશકુમાર પટેલ જે સી-૯૦ કૌશલ્ય બંગ્લોઝ નાનીકડી ખાતે રહે છે. જેમને હોમ આઈસોલેશન કરેલ છે. જેમના સેમ્પલ સનફ્લાવર લેબોરેટ્રી મેમનગર અમદાવાદ ખાતે લીધેલ છે. આ ૬ દર્દીઓ પોઝીટીવ જાહેર થયેલ છે.

મોડાસાની સર્વોદય બેંકના કર્મીને કોરોના ભરખી ગયો

મોડાસામાં કોરોના સદીથી માત્ર ત્રણ કેસ દૂર, અરવલ્લીમાં કોરોનાની બેવડી સદી ૨૦૫ લોકો કોરોનામાં સપડાયા

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. સતત વધી રહેલા કોરોનગ્રસ્ત દર્દીઓને પગલે જીલ્લામાં અત્યાર સુધી ૨૦૫ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે જેમાં ૧૮ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ભય ફેલાયો છે. મોડાસા શહેરની સર્વોદય સહકારી બેંકમાં રિટાયર્ડ ઓફિસર અને હાલમાં બેંકના લાઈટબીલ કલેક્શનમાં માનદ સેવા આપતાં ૫૯ વર્ષીય લિયાકત સૈયદ નામના કર્મચારીનું કોરોનાથી મોત નિપજતાં ભારે ચકચાર મચી છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ રોજે રોજ કેસોમાં વધારો થતો જાય છે. જેના કારણે જિલ્લાના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લામાં શુક્રવારના ગારુડી ગામે આધેડ કોરોના ગ્રસ્ત બન્યો હતો. જિલ્લામાં કોરોનાથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે ત્યારે અરવલ્લીમાં કોરોના કેસ આવવા પાછળ તંત્રની સાથે લોકો પણ એટલા જ જવાબદાર છે. મોડાસા શહેરમાં જ અત્યાર સુધી ૯૭ને આંકડો અડી ગયો છે. શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બનયો હોય તેમ મોડાસા ઉત્તર ગુજરાતમાં નં-૧ પર પહોંચી શકે છે. સતત વધી રહેલા કેસથી જિલ્લાનું તંત્ર પણ ઉંધા માથે પછડાયું છે.

કોરોનાનો કહેર દિવસે ને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ અને રાજસ્થાનની વચમાં પીસાયેલ અરવલ્લીમાં બંને બાજુથી આવનાર લોકો કોરોના લઈને આવી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં લોકડાઉન ૧ થી લઈને લોકડાઉન ૩ સુધીમાં અધધ કહી શકાય એટલા કેસોમાં વધારો થયો છે. આરોગ્ય તંત્ર અને લોકોની ઢીલી નિતિને કારણે જિલ્લામાં ઉત્તરોત્તર કેસોમાં વધારો થયો છે. ત્યારે મોડાસા શહેરમાં અધધ કહી શકાય તેટલા ૯૭ કેસ પોઝીટીવ આવ્યા છે જ્યારે અરવલ્લી જિલ્લાનો આંકડો ૨૦૫ એ આંબી જતાં જિલ્લાવાસીઓ રીતસરના ફફડી તો ઉઠ્યા છે પરંતુ હજુ જાગૃત થયા હોય તેવું લાગતું નથી.

હિંમતનગર-પ્રાંતિજમાં વધુ ત્રણ કેસ

ત્રણ દર્દીઓ કોરોના મુક્ત થતા રજા અપાઈ, કુલ આંકડો ૧૩૨ થયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હજુ લોકોને છોડતો નથી. ત્યારે શુક્રવારે હિંમતનગરમાં બે અને પ્રાંતિજમાં મળી વધુ બે કેસ નોંધાયા છે. જેથી સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૧૩૨ પર પહોંચી ગઈ છે. જોકે શુક્રવારે ત્રણ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતા તેઓ સ્વસ્થ થઈ ગયા છે જેથી આ ત્રણેયને હિંમતનગર સિવિલમાંથી રજા અપાઈને ઘરે મોકલી દેવાયા છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે ઈડર તાલુકાના દાવડ ગામના એક ૨૬ વર્ષીય યુવકનો રીપોર્ટ કોરોના પોઝીટીવ આવતા જિલ્લામાં કોરોના કેસનો આંકડો ૧૨૯ પર પહોંચ્યો હતો. પરંતુ સંક્રમણને લીધે હજુ વધુ લોકો કોરોના વાયરસની ઝપેટમાં આવી રહ્યા છે ત્યારે શુક્રવારે જિલ્લામાં વધુ ત્રણ પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરી દેવાયા છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી જણાવાયા મુજબ આ ત્રણ દર્દીઓ પૈકી એક દર્દી હિંમતનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા ૫૬ વર્ષિય પુરૂષ તથા પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષિય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે તથા પ્રાંતિજના વ્હોરવાડમાં રહેતા એક ૫૬ વર્ષિય પુરૂષનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. જેથી આ ત્રણેય દર્દીઓને સારવાર આપવાનુ શરૂ કરી દેવાયુ છે. ઉપરાંત જે વિસ્તારમાં કોરોનાના નવા કેસ પ્રકાશમાં આવ્યા છે તે વિસ્તારમાં વહિવટીતંત્ર દ્વારા હોમ કોરોન્ટાઈન તથા કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવેશ કરવાની કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં કોરોના પોઝીટીવના દર્દીઓને સંખ્યા ૧૩૨ પર પહોંચી છે ત્યારે શુક્રવારે હિંમતનગર તાલુકાના બે અને ખેડબ્રહ્મા તાલુકાના એક મળી ત્રણ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતા તેમને રજા આપી દેવામાં આવી છે. જેથી જિલ્લામાં ડીસ્ચાર્જનો આંકડો ૧૧૧ પર પહોંચી ગયો છે.

માલપુર પોલીસે મોડાસાના બુટલેગરને વિદેશી દારૂ સાથે કારમાં ખેપ મારતો દબોચ્યો

મોડાસા, તા. ૨૬

મોડાસા શહેરમાં દિન-પ્રતિદિન વિદેશી દારૂના શોખીનો વધી રહ્યા હોવાથી બુટલેગરો પણ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે. વિદેશી દારૂના ગેરકાયદેસર વેપલામાં રહેલા અધધ નફાના પગલે અનેક યુવાનો શોર્ટ કર્ટમાં રૂપિયા કમાવવા બુટલેગર બની રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં ટાઉન પોલીસની નિષ્ક્રિયતાના પગલે કે પછી આંખ આડા કરવાની ટેવના લીધે શહેરમાં ૨૦ જેટલા બુટલેગરો ઘરેથી અને હોમ ડીલેવરી મારફતે દારૂના રસિયાઓને દારૂ પીરસી રહ્યા છે. શહેરમાં દારૂની રેલમછેલ રહેતા યુવાધન નશાના રવાડે ચઢી બરબાદ થઈ રહ્યું છે.

માલપુર પોલીસે સોમપુર ત્રણ રસ્તા પાસેથી ડસ્ટન કારમાંથી ૩૫ હજારના વિદેશી દારૂ સાથે મોડાસા સુવિધા કોમ્પ્લેક્ષમાં રહેતા કિરણ પટેલને ઝડપી પાડી દારૂની ખેપ નિષ્ફળ બનાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મેઘરજ પોલીસે ઉંડવા સરહદ પરથી સ્વીફ્ટ ડિઝાયર કારમાં ૨૮ હજારનો વિદેશી દારૂ ભરી પસાર થતા રાજસ્થાનના ઈન્દરસીંગ રાવ નામના બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે સોમપુર ત્રણ રસ્તા પારથી બાતમીના આધારે ડસ્ટન કાર (ગાડી.નં-જીજે-૨૭-એએચ-૭૮૨૮)ને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૪ કીં. રૂ.૩૫૦૦૦નો જથ્થો ઝડપી પાડી કિરણ પ્રવીણભાઈ પટેલ (રહે. સુવિધા કોમ્પ્લેક્ષ, આઈટીઆઈ સામે, મોડાસા, મૂળ રહે. સોનીકંપા, ધનસુરા)ને ઝડપી પાડી કારની કિં. રૂ.૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૩૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કિરણ પ્રવીણભાઈ પટેલ અને ડસ્ટન કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનના ભરત સોમા ડામોર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કિરણ પટેલન જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પીઆઈ જે.પી. ભરવાડ અને તેમની ટીમ અંતરિયાળ વિસ્તારમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી સ્વીફ્ટ ડિઝાયર કાર (ગાડી નં. જીજે-૧૭-એન-૩૦૫૭)ને અટકાવાનો પ્રયાસ કરતાં કાર ચાલકે કાર ઉંડવા તરફ હંકારી મુકતા પોલીસે પીછો કરતા કાર ચાલક તથા તેની સાથે રહેલો શખ્સ કાર ઉંડવા નજીક મૂકી નાસવા જતા ઈન્દરસિંગ ભેરૂસિંગ રાવ (ડાલ, સલુમ્બર, રાજસ્થાન)ને ઝડપી પાડી કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૦ કીં. રૂ.૨૮૩૦૦ તથા રોકડ રકમ , મોબાઈલ, કાર મળી કુલ રૂ.૪૩૧૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસને ચકમો આપી ફરાર થઈ જનાર કારચાલક રમેશ પંડિત (રહે. શેષપુર, રાજસ્થાન) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતીમાન કર્યા હતા.

એલસીબી પોલીસે આશ્રમ ચોકડી પાસેથી એલેનટ્રા કારમાંથી ૧.૧૯ લાખના દારૂ સાથે બુટલેગરને ઝડપ્યો

જીલ્લા એલસીબી પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે અમદાવાદ -ઉદેપુર નેશનલ હાઈવે નં -૮ પર આવેલ શામળાજી આશ્રમ ચોકડી નજીકથી રાજસ્થાન તરફથી આવતી હુન્ડાઈ એલેનટ્રા કાર (ગાડી.નં-જીજે૨૩-એએ-૫૭૭૦)ને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ બોટલ ટીન નંગ-૧૭૬ કીં. રૂ.૧૧૯૬૦૦ તથા મોબાઈલ નંગ -૨ અને કારની કીં. રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ રૂ. ૬૨૨૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સોનુ મહેન્દ્રસિંહ રાઠોડ (રહે, ઉદેપુર, રાજસ્થાન)ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહોબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૪ પોલીસ જવાનોની બદલી થતા વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૪ પોલીસ કર્મીઓની બદલી થતા કોરોનાના ગ્રહણને લઈને સાદગીભરી રીતે વિદાય સમારોહ યોજાયો હતો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૪ પોલીસ કર્મીઓની સરકારી નિતિનિયમો મુજબ અન્ય જગ્યાએ બદલી થતા તેવોનો વિદાય સમારંભ સાદગીભરી રીતે યોજાયો હતો તો હાલ કોરોના વોરીયર્સ તરીકે પ્રાંતિજ સહિત તાલુકામાં સારી રીતે તેવોએ પોતાની ફરજના ભાગરૂપે અને માનવ કલ્યાણ અર્થે તેવોએ કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવી હતી. હાલ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. કાનજીભાઈ, દુલેસિહ, હરીચંન્દ્રસિંહ, પુંજાભાઈ, જનકભાઈ, દક્ષાબેન, સરદારભાઈ, હેમંતભાઈ, કલ્પેશભાઈ, કિરીટસિંહ, સગુણાબેન, ઈન્દીરાબેન, ભાવેશભાઈ, ગફુરભાઈ સહિતના પોલીસકર્મીઓનો વિદાય સમારંભ હાલ કોરોના ગ્રહણને લઈને સાદગીભરી રીતે યોજાયો હતો. પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત તથા પ્રાંતિજ મહિલા પીએસઆઈ એ.બી. મિસ્ત્રી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાંથી વિદાય લઈને અન્ય જગ્યાએ જઈ રહેલ પોલીસ જવાનોને શ્રીફળ, સાકર, શાલ ઓઢીડીને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

મોડાસામાં સિવિલ હોસ્પિટલની માંગ સાથે કોંગ્રેસનું અલ્ટીમેટમ

૧૦ દિવસમા હોસ્પિટલના નિર્માણ માટે સંતોષકારક જવાબ નહિ મળે તો પ્રતીક ઉપવાસની ચીમકી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૫૦ બેડની સિવિલ હોસ્પિટલ માટે ૪૫ કરોડ રૂપિયા સરકારે મંજુર કર્યા હતા જેમાં ૫ કરોડ રૂપિયા ફાળવણી પણ કરી દેવામાં આવી છે. બે વર્ષ અગાઉ જીલ્લા કલેક્ટરે બાજકોટ ગામની સીમમાં ૨૦ એકર જમીન ફાળવી સિવિલ સર્જનને કબ્જો સોંપી દોઢ વર્ષમાં સિવિલ હોસ્પિટલ કાર્યરત કરી દેવાના દાવા કરવામાં આવ્યા હતા, જોકે બે વર્ષ વીતી જવા છતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ અધ્ધરતાલ રહેતાં દર્દીઓની હાલત કફોડી બનતાં જીલ્લા કોંગ્રેસે થોડા દિવસ અગાઉ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને ધારાસભ્યોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી સિવિલ હોસ્પિટલનું ઝડપથી નિર્માણ કરવામાં આવેની રજુઆત કરી હતી. ત્યારે ફરીથી શુક્રવારે જીલ્લાના કોંગ્રેસના બે ધારાસભ્ય, જીલ્લા પ્રમુખે કલેક્ટરને મળી રજુઆત કરી હતી અને ૧૦ દિવસમાં

સીવીલ હોસ્પિટલના નિર્માણ અંગે સંતોષકારક જવાબ નહિ મળે તો પ્રતીક ઉપવાસ કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી.

અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે ૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ ટલ્લે ચઢતાં જીલ્લાના ૧૧ લાખ જેટલા પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિઃશુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. કોરોના સહીત દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે.

મલ્ટીસ્પેશિયાલીટી કહેવાતી હોસ્પિટલો સામાન્ય બીમારીમાં પણ દર્દીઓના ખિસ્સા ખંખેરી લેતા હોવાના કિસ્સાઓ પણ સમયાંતરે ઉજાગર થાય છે. શ્રમજીવી અને ગરીબ પરિવારો દેવું કરી મોંઘી સારવાર લેવા મજબુર બનવું પડતું હોય છે ત્યારે દર્દીઓને ઘર આંગણે નિઃશુલ્ક કે તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ અનિવાર્ય બની છે. ત્યારે જીલ્લામાં ઝડપથી સિવિલ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

હિંમતનગર તાલુકા પંચાયતની છેલ્લી સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસ ભાઈ-ભાઈ

લોકડાઉન દરમિયાન હિંમતનગર તાલુકામાં મનરેગા થકી ૧,૬૮,૭૧૪ માનવદિન રોજગારી અપાઈ

હિંમતનગર, તા. ૨૬

ગુજરાતમાં કેટલીક ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અને નગરપાલિકા, મહાનગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યોની પાંચ વર્ષની મુદત આગામી મહિનાઓમાં પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે શુક્રવારે હિંમતનગર તાલુકા પંચાયતની લગભગ છેલ્લી ગણાતી સામાન્ય સભા સત્તાધારી પક્ષ ભાજપના મહિલા પ્રમુખના અધ્યક્ષસ્થાને મળી હતી.જેમાં બંને પક્ષના સદસ્યોએ હળવાશના મુડમાં ભાગ લઈને આપણે સૌ ભાઈભાઈ છીએ તેવુ વાતાવરણ ઉપસાવ્યુ હતુ. આ સામાન્ય સભામાં શરૂઆતમાં ચાઈનાની બનાવટોનો બહિષ્કાર કરી વિર શહિદોને શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ પસાર કરવાની જાહેરાત કરી હતી.

હિંમતનગર તાલુકા પંચાયતની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં એજન્ડા મુજબના છ કામોને વંચાણે લઈ પ્રશ્નોત્તરી શરૂ કરવામાં આવી હતી. જેમાં સત્તાધારી પક્ષના જાગૃત સભ્ય રવિન્દ્રસિંહ ચાવડાએ ઉભા થઈને ભારત અને ચીનની સરહદે થયેલા તણાવમાં શહિદ થયેલા ભારતના ૨૦ જવાનોએ શહિદી વ્હોરતા તેમના માનમાં મૌન પાડવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ચાઈનાની બનાવટોની તાલુકા પંચાયત દ્વારા કોઈ ખરીદી ન કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેના માટે ઠરાવ કરવાનુ પણ નક્કી કરાયુ હતુ.

આ ઉપરાંત લોકડાઉન દરમિયાન હિંમતનગર તાલુકા પંચાયત દ્વારા અંદાજે ૧,૬૮,૭૧૪ માનવદિન રોજગારી ઉભી કરવા માટે ખર્ચાયેલા અંદાજે રૂ. ૨૯૩.૩૭ લાખની રકમ શ્રમજીવીઓને ચૂકવવામાં આવી હોવાને કારણે ગરીબ અને જરૂરીયાતમંદ પરીવારો માટે આ માનવ રોજગારી જીવનનિર્વાહ માટે ખુબજ ઉપયોગી સાબિત થતા સંલગ્ન વિભાગની કામગીરીની સરાહના કરવામાં આવી હતી. દરમિયાન વિરોધપક્ષમાં બેઠેલા કોંગ્રેસના સદસ્ય હરેશભાઈ પ્રજાપતિએ પુછેલા પ્રશ્નના જે જવાબ અપાયા હતા તેનાથી નારાજગી વ્યક્ત કરીને ખુલાસો માંગીને જવાબદાર અધિકારી સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ કરતા તાલુકા વિકાસ અધિકારી રાજપુતે દરમિયાનગીરી કરીને લેખિતમાં જવાબ આપીશુ તેમ કહી મામલો નિપટાવી દીધો હતો.

તો બીજી તરફ સામાન્ય સભા ચાલુ હતી ત્યારે તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ ઉભા થઈને સભાખંડની બહાર નિકળી જતા વિરોધપક્ષે તરત જ ઉહાપોહ મચાવ્યો હતો. ત્યારબાદ સત્તાધારી પક્ષના સભ્યોએ પણ સભાખંડમાંથી ચલતી પકડી હતી. જોકે સત્તાધારી પક્ષના એક સમજુ સભ્યએ તાલુકા પંચાયતના પ્રમુખને પાછા બોલાવી સભાખંડમાં હાજર કર્યા હતા. ત્યારબાદ આ મહિલા પ્રમુખે સામાન્ય સભાની કાર્યવાહી પૂર્ણ થઈ હોવાની જાહેરાત કરતાની સાથે જ વિપક્ષે દેકારો મચાવી દીધો હતો. પરંતુ અધિકારીઓ પણ સત્તાધારી પક્ષના સભ્યો સાથે બેઠક છોડીને તેમની ચેમ્બરોમાં જતા રહ્યા હતા.

આમ આદમી પાર્ટીએ ચીન સામે વિરોધ નોંધાવી શહીદોને શ્રદ્ધાંજલી અર્પી

બે સપ્તાહ પહેલા ભારત ચીન સરહદ પર ભારતીય સૈનિકો અને ચીનની સેના વચ્ચે ઘર્ષણ થયું હતું. ચીનના સૈનિકોની દગાખોરીથી ભારતીય સેનાના ૨૦ જવાનો શહીદ થયા હતા. સેનાના જવાનોને દેશભરમાંથી શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે ત્યારે મોડાસા શહેરના ચાર રસ્તા ખાતે આમ આદમી પાર્ટીએ શ્રદ્ધાંજલિ આપી હતી અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા તેમજ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સ્કૂલ-કોલેજની ફી, વીજબીલ, વેરા માફી અને પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો પરત ખેંચવા માંગ કરી હતી.

કોંગ્રેસે ચીન સામે શહીદ થયેલા વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી

હાલમાં જ ચીન સરહદે ગલવાન ઘાટી ખાતે ચીની સેનાએ ભારતની સરહદમાં ઘૂસણખોરી કરી ભૂમિ પર કબ્જો કર્યો છે.

મોડાસા શહેરમાં યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ પછી કોંગ્રેસના ધારાસભ્યો, અગ્રણીઓ અને કાર્યકરોએ ચીને કરેલ હુમલાને વખોડી

ચીની સૈનિકોનો બહાદુરીથી સામનો કરતાં કરતાં કમાન્ડર બી. સંતોષબાબુ અને ૧૬-બિહાર રેજીમેન્ટના ૨૦ જાંબાઝ જવાનો શહીદ થયા છે. આ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમમાં અરવલ્લી જીલ્લા કોંગ્રેસના આગેવાનો કાર્યકરો દ્વારા સૌ પ્રથમ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. ત્યારબાદ મીણબત્તી પ્રગટાવી અને પુષ્પ અર્પણ કરી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો.

કાઢ્યો હતો. ભારત દેશના સત્તા પર બેઠેલા ભારતીય જનતા પાર્ટીના શાસકો સાથે હોવાની અને ઈંટનો જવાબ પથ્થરથી આપી આપણા દેશની સંપ્રભુતા અને એકતા તેમજ આપણી તાકાતનો પરચો બતાવવો જોઈએ. આપણી એક ઈંચ પણ જમીન વિદેશી પાસે ન જાય તેની કાળજી લેવી જોઈએ. જ્યારે જ્યારે આ પ્રકારની કોઈપણ કૃત્ય ભૂતકાળમાં કોંગ્રેસ સરકારમાં કરવામાં આવ્યું હતું ત્યારે કોંગ્રેસ સરકાર દ્વારા ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો હોવાનું જણાવ્યું હતું.